# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–રાજકોટ આયોજીત
# વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચારાત્મક કાર્ય)
# સી.આર.સી. નંબર–૪ રાજકોટ કોર્પોરેશન

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માં ધોરણ ૩ થી ૭ના વાચન, લેખન, ગણનમાં કચાશ ધરાવતા બાળકો માટે રાજય વ્યાપી અભિયાન અમલમાં મુકવામાં આવ્યું હતું. જેનાથી આપણે સૌ વાકેફ છીએ. એ અભિયાનનાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત થયાં હતા. શિક્ષણ જગત સાથે સંકળાયેલી તમામ વ્યકિતઓ અને સમાજના તમામ રહીશોએ આ કાર્યક્રમને એકી અવાજે દીલથી સ્વીકારી લઈ અભુતપુર્વ સફળતા આપી હતી.

આવા જ એક કાર્યક્રમને હવે આપણે વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચાત્મક કાર્યક્રમ) સ્વરૂપે ધોરણ ૩ થી ૮નાં નબળા બાળકો માટે મુકી રહયા છીએ. સાથે સાથે ગત સાલ ૨૦૧૨ ના ગુણોત્સવનું ફોલોઅપ થાય તે પણ આપણ ધ્યેય છે.

- ❖ વાચન,લેખન,ગણન કાર્યક્રમનો અમલ સી.આર.સી. સંલગ્ન તમામ શાળાઓમાં ધો–૩ થી ૮ માં તા:૦૧/૦૭/૨૦૧૩ થી તા:૩૦/૦૯/૨૦૧૩ સુધી અમલ કરવાનો છે.
- ❖ દરરોજ શાળાના સમય દરમ્યાન પ્રથમ બે તાસ વાચન,લેખન,ગણનની કામગીરી જે તે ધોરણના વર્ગ શિક્ષકશ્રીએ કરવાની રહેશે.
- ❖ તા:૦૩/૦૮/૨૦૧૩ની શિક્ષક તાલીમમાં વીડીયો કોન્ફરન્સથી આપેલ માર્ગદર્શક સુચનાઓ તથા અગાઉ આપેલ વાચન, લેખન, ગણનના મોડયુલ તેમજ એસ.એસ.એ. દ્વારા આપવામાં આવેલ અર્લી રીડર બુકનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે.
- ❖ વર્ગના તમામ બાળકો માટે લેખનની નોટ ફરજિયાત નિભાવવાની છે. અને તેમા તારીખ વાઈઝ લેખન કરાવવાનું છે. અને ચકાસણી પણ કરવાની છે.
- ❖ ધો–૩ થી ૮ના તમામ વર્ગ શિક્ષકોઅ પ્રથમ બે તાસનું વાચન, લેખન, ગણનની કરવાની કામગીરી નું આયોજન નોંધપોથીમાં લખવાનું રહેશે.
- ❖ પ્રિ–ટેસ્ટ, મીડ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ તમામ બાળકોની દર માસે જે તે વર્ગના વર્ગ શિક્ષકે લેવાની રહેશે. અને તેનું રેકર્ડ નિભાવવાનુ રહેશે.
- ❖ ઉપચારાત્મકકાર્ય માટે ફાળવવામાં આવનાર ગ્રાન્ટનો ઉપયોગ યોગ્ય રીતે કરવાનો રહશે.
- ❖ વાચન,લેખન,ગણન કાર્યક્રમનું સઘન મોનીટરીંગ કેળવણી નિરીક્ષકશ્રી, યુ.આર.સી.સી., સી.આર.સી.સી. તથા મુખ્ય શિક્ષકો દ્વારા કરવામાં આવશે.
- ❖ લગત સુચનાઓ શાળાના તમામ શિક્ષકોને લેખિત જાણ કરી સહી લેવાની છે. તેમજ શાળાના મુખ્ય શિક્ષકે જરૂર જણાય ત્યા માર્ગદર્શન આપવાનું છે.
- ❖ આચાર્યશ્રીઓની માસિક સંકલન બેઠકમાં વાચન,લેખન,ગણન કાર્યક્રમ અંગેનો નિયત ફોર્મેટમાં પ્રગતિ રીપોર્ટ સાથે લાવવાનો રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–રાજકોટ આયોજીત
# વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચારાત્મક કાર્ય)
# સી.આર.સી. નંબર–૪ રાજકોટ કોર્પોરેશન

**તમામ મૂળાક્ષરોને આવરી લેતાં શબ્દો :**

1. અજગર, સફરજન, હળદર, શરબત, ઝટપટ, વડ, થડ, નખ, ભય, લખ, ઘર પર ન ઘસ, છગન છત પર ચઢ, કમળ.
2. દશરથ, નટવર, અઢળક, ઉધરસ, દલપત, બળતણ, ગરબડ, અચરજ, છગન, ફણસ, ઈયળ, યજ્ઞ, રક્ષણ, હળ, અષાઢ.
3. જળધારા, અપમાન, વાદળ, ઉતરાયણ, ફટાકડા, હાથપગ, ક્ષય, અક્ષય, છાશ, આઠ, બસ, રાખ, ચણા, ઝરણ.
4. અશક્ય, આઠ, જે, ચોર, કંઠ, રવિ, કીડી, બુધ, સુરત, વૈશાખ, દુઃખ, ઔષધ, ઐરાવત, કૌશિક, કનૈયો.
5. ઠગ, ઢગ, ધન, ઘાસ, ગજવું, દાળ, ડગલું, શાળા, તરાપો, બટન, અથાણું, ઠળિયો, છાસ, શાક, પોષણ.
6. આસોપાલવ, આશાજનક, તળિયાઝાટક, ખાડા ટેકરા, મુશળધાર, બાળઉછેર, ગણેશ, ચાંદ, હાથ, ઘનફળ, ભમરડો, ફળ.

- પૂર્વતૈયારીમાં આપેલા શબ્દોનું શ્રુતલેખન કરાવ્યા પછી તે શબ્દો શિક્ષક જાતે તપાસી, વર્ગમાંથી સારા વિદ્યાર્થીઓ અને નબળા વિદ્યાર્થીઓને અલગ તારવશે, તેને નીચે મુજબ 'એ' અને 'બી' જૂથમાં વર્ગીકૃત કરશે.
- તમામ સાચા અથવા બે ભૂલ સુધીના વિદ્યાર્થીઓને વિભાગ 'એ'માં લેવા. બેથી વધુ ભૂલ કરનાર વિદ્યાર્થીઓને વિભાગ 'બી' માં લેવા.
- જેનું વાચન સારું છે તેવા 6-10 જેટલા વિદ્યાર્થી નેતાઓ પસંદ કરવા.
- પસંદ કરેલ વિદ્યાર્થી નેતાઓને હારમાં ગોઠવી તેની સામે વિભાગ 'બી' ના વિદ્યાર્થીઓ ગોઠવો. કોઈપણ ફકરો પસંદ કરી વાંચન કરાવો. વિદ્યાર્થી નેતા, વિભાગના જે વિદ્યાર્થીઓ ભૂલ કરે તે અંગે ધ્યાન આપે.

**વિભાગ 'બી' ના વિદ્યાર્થીઓ માટે શિક્ષકોએ નીચે મુજબ કામ કરવું :**

1. બૉર્ડ પર મૂળાક્ષર અને તેના શબ્દો : ન, મ, ગ, જ, નમ, મગજ, .... જનમ, વગેરે લખે.
2. શિક્ષક લખેલા મૂળાક્ષરનો ઉચ્ચાર કરાવે : ન, મ, ગ, જ.

   તેમાં શબ્દોનો સમૂહ ઉચ્ચાર અને મૂળાક્ષરોની ઓળખ શિક્ષક કરાવે.
3. દઢીકરણ માટે ચાર-પાંચ વિદ્યાર્થી નેતા વડે ઉપર મુજબ કાર્ય કરો.
4. મન, મગજ ... શબ્દોનું અનુલેખન કરે. તેજ પ્રમાણે દ, ર, સ, વ, ... નું પગલું કરાવો.

   1-2 ભેગું (ન, મ, ગ, જ, દ, ર, સ, વ) જામનગર, વાસદ ...તમામ શબ્દો ઉપર પ્રમાણે કરાવો અને શબ્દદીઠ મૂળાક્ષરોની ઓળખ કરાવો અને સમૂહ ઉચ્ચાર કરાવો. (દઢીકરણ માટે)

   દાસ, નંવ, મારગ, જા... નું શ્રુતલેખન કરાવી તપાસો. બધા ખરા શબ્દોવાળા વિદ્યાર્થીઓને આવડ્યું એમ નક્કી થાય. ભૂલો વાળા વિદ્યાર્થીઓને 1-2 ફરી કરાવો.

**આ કાર્યપદ્ધતિ પ્રમાણે નીચે કોષ્ટકમાં આપેલ ક્રમમાં કામ કરાવવું.**

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| 1 | ન, મ, ગ, જ | 1. મન, મગજ 2. મગન, જમ 3. નમન 4. જગન, જનમ, મગ |
| 2 | દ, ર, સ, વ, (કાનો) | 1. વરસાદ 2. રસ, દવા 3. સરદાર, વાર 4. સરસ, દાવ 5. વાસ, રસાદાર |
| 3 | ન, મ, ગ, જ<br>દ, ર, સ, વ, ા (કાનો) | 1. જામનગર, વાસન 2. વનરાજ, માન, સાદ<br>3. જમાદાર, સાગ, વન 4. ગાજર, વામન, દસ<br>5. જરા, દાન, ગામવાસ 6. નવ, વરસ, મગજ, દર<br>7. દાસ, નવ, મારગ, જા |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–રાજકોટ આયોજીત
# વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચારાત્મક કાર્ય)
# સી.આર.સી. નંબર–૪ રાજકોટ કોર્પોરેશન

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| 4 | ક, બ, અ, છ<br>િ(હ્રસ્વ ઇ) ી (દીર્ઘ ઈ) | 1. બા આ કાકી છે. 2. આ બે કાન છે. 3. આ કાબર છે.<br>4. બા આ મામી છે. 5. આજે રવિવાર છે. 6. નદી, સાગર, કવિતા |
| 5 | પ, ડ, ત, ણ, ે, ૈ | 1. તાપી, તેની, પાડી 2. કાપડ, તારણ 3. આ માણસ પૈસાદાર છે.<br>4. પાપડી, રણ 5. તાવડી, પડે 6. આ વૈદ દવા આપે છે. |
| 6 | ક, બ,અ, છ, ી, િ<br>પ, ડ, ત, ણ, ે, ૈ | 1. બતક પડી છે. 2. આ માણસ છે, તે પડે છે.<br>3. બા, આ પાણી છે. 4. આ કવિતા છે.<br>5. આ મારા પિતાજી છે. 6. મને પૈસા આપ.<br>7. એક વૈદ છે. |
| 7 | ન, મ, ગ, જ<br>દ, ર, સ, વ, ા,<br>ક, બ, અ, છ, ી, િ<br>પ, ડ, ત, ણ, ે, ૈ | 1. મને કેરી આપ. 2. વરસાદ પડે છે.<br>3. કાબર પાણી પીવે છે. 4. પૈસા ગમે છે.<br>5. અમે તાપણી તાપીએ 6. પરબત કેરી આપ.<br>7. જમના જાગી. 8. અનિતા જમે છે.<br>9. છગન રમત રમે છે. 10. અમને નદી ગમે છે.<br>11. આજે સરસ અવસર છે. |
| 8 | લ, ટ, ચ, ખ, ો, ૌ | 1. ચાર લખોટા 2. લોટ ચાખ 3. ચોખા, ખાટલો, ચૌદ<br>4. ચકલી, ખોટી 5. ટપાલો, ખીટી 6. કૌરવ, મૌખિક |
| 9 | ઝ, હ, ઘ, ળ, ુ | 1. આ હળ છે. 2. બાળકો ઘરઘર રમે છે.<br>3. મૌલિક ઝટપટ રમવા જા. 4. જળ એ જ જીવન.<br>5.સુઘરી, હુતુતુતુ, ઝાકળ 6. ગાડી બોલે છુક..છુક..છુક |
| 10 | લ, ટ, ચ, ખ, ો,ૌ<br>ઝ, હ, ઘ, ળ, ુ | 1. ચાલ ઝટ, ખા, હળ, ઘર 2. ઝટ રન લે, ઘી ચાખ<br>3. લખોટી, ઝળહળ, મૌલિક ઘરે ચાલ<br>4. ચાલો, હોળી, રતનપુર ગામ છે. |
| 11 | ન, મ, ગ, જ<br>દ, ર, સ, વ, ા<br>ક, બ, અ, છ, િ, ી<br>પ, ડ, ત, ણ, ે, ૈ<br>લ, ટ, ચ, ખ, ો, ૌ<br>ઝ, હ, ઘ, ળ, ુ | 1. જગત દવા લાવ. 2. ચૈતાલી વૈદ છે.<br>3. વરસાદ બહુ પડે છે. 4. મણિલાલ નાચે છે.<br>5. મનોજ હળ ચલાવે. 6. ગૌરવ ઝગમગ આપ.<br>7. ટપાલી ટપાલ લાવે છે. 8. ખાજા ઘરે છે.<br>9. હસમુતિ હસી. 10. કાબર અનાજ ચણે. |
| 12 | ભ, ય, ધ, ફ, ન | 1. ભય, ફાનસ, ધરતી<br>2. ભયાનક, ધૂન, ફોરમ<br>3. અભય, ધાર, ફળ, ફૂલ<br>4. ફાયદો, ધરા, યાદગાર |
| | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–રાજકોટ આયોજીત
# વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચારાત્મક કાર્ય)
# સી.આર.સી. નંબર–૪ રાજકોટ કોર્પોરેશન

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| 13 | ઢ, ઠ, ઇ, ઈ | 1. ઠગ, ઢગ, ઇલા, ઈસ 2. મઠ, ઢગલો, ઈદ, ઈમાન<br>3. ઇનામ, ઇયળ, આઠ, ઢેલ 4. ઢોલા, રાઈ, ફોઈ, ઈમારત<br>5. મીઠાઈ, ઢોર, ઠળિયો, ઠાઠમાઠ |
| 14 | શ, થ, ઉ, ઊ<br>(અનુસ્વાર) | 1. ઊંટ, ઉંદર, શાક, રથ 2. ઉપાડ, ઊંઘ, થાક, શનિ<br>3. ઉનાળો, ઊંડુ, થેલી, શંકર 4. શિયાળો, થાળી, ઊઠવું, ઉખાણું<br>5. નિશાળ, હાથી, ઉતાવળ, ઊંચાઈ |
| 15 | ભ, ય, ધ, ફ, ન, ૂ<br>ઢ, ઠ, ઇ, ઈ<br>શ, થ, ઉ, ઊ<br>(અનુસ્વાર) | 1. ઊધઈ, ઉપાય, ટાઢ, શેઠ, શોભા, ફેરિયો, યશોધરા, ધૂળ, ભૂખ, દૂધ<br>2. ઊઠ ભાઈ, ઊંધુ થશે, ઇયળ ચઢ, ફાઈલ, ઈમાન<br>3. ઇલા શઠ થવામાં ભય છે. - ઉધાર, ફોઈ, ટાઢ, થનગનાટ<br>4. ઊંટ ફૂંક, ઠંડી, ઈંડું, શંકર, ઉંદર, રંગ, જંગલ |

**જોડાક્ષરવાળા શબ્દો :**

1. દંડવાળા મૂળાક્ષરોથી બનતા શબ્દો જોડાક્ષરો.
   દા.ત. કાવ્ય, શબ્દ, અબ્દુલ, એકલવ્ય, ખ્યાતિ, મગ્ન વગેરે
2. દંડ વગરના મૂળાક્ષરોથી બનતા જોડાક્ષરો.
   દા.ત. ક્યાં, ક્યારે, કહ્યું, દોડ્યો વગેરે
3. અન્ય જોડાક્ષરો :

જૂથ અ :
- પ્રકાશ, પ્રેમ, પ્રભાત
- પત્ર, છત્ર, ત્રિવેદી
- શ્રાપ, શ્રમ, શ્રાવણ
- ચંદ્ર, દ્રવ્ય, દ્રાવણ
- ટ્રક, મેટ્રિક, રાષ્ટ્રીય
- ડ્રેસ, ડ્રોઈંગ, ડ્રોપ

જૂથ બ :
- વજ્ર,
- કૃતજ્ઞ, સુકૃત
- ક્રમ, વિક્રમ
- પર્વ, ગર્વ, સર્વ,
- મૃગ, મૃત
- ક્ષમા, પરીક્ષા, જ્ઞાન, યજ્ઞ

જૂથ ક :
- શ્વાસ, શ્વાન, શ્વેત
- સત્તર, ઉત્તર, અત્તર
- પશ્ચિમ, નિશ્ચય
- પદ્મ, પદ્માસન,
- વિદ્વાન,
- ઋષિ, ઋતુ, ઋણ
- સ્વતંત્ર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–રાજકોટ આયોજીત
# વાચન, લેખન, ગણન કાર્યક્રમ–૨૦૧૩–૧૪(ઉપચારાત્મક કાર્ય)
# સી.આર.સી. નંબર–૪ રાજકોટ કોર્પોરેશન

**મૂળાક્ષરોમાં વારંવાર થતી ભૂલો નિવારવા નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવી :**

ટ, ઠ, ઘ, ધ, ગ, દ, ડ, ળ, ત, ટ, થ, સ, શ, ષ જેવા મૂળાક્ષરોમાં વિદ્યાર્થીઓ ભૂલો કરતા જણાય છે.

| | | | |
|---|---|---|---|
| ઠ | ઢ | ઠ ઢ... | 1. બૉર્ડ પર લખો. |
| ઠગ | ઢગ | | 2. ઠ ... જેઠ નો સમૂહ ઉચ્ચાર કરાવો. |
| આઠ | ટાઢ | | 3. ઠ ... જેઠ નો સમૂહ ઉચ્ચાર વિદ્યાર્થી નેતા કરાવે. |
| હોઠ | અઢાર | | 4. વિદ્યાર્થી તેવા શબ્દો બૉર્ડ પર લખે. |
| | | | 5. તેજ રીતે 'ઢ' માટે છે. |
| જેઠ | ઢંગ | | 6. દરરોજ ચાર પાંચ મૂળાક્ષરો લઈ તેનું પુનરાવર્તન કરો. ત્રણ દિવસમાં કામ પૂર્ણ થાય. |

**ઉપર મુજબ નીચેના મૂળાક્ષરોના મહાવરો કરાવવા :**

| ઠ | ઢ | ધ | ઘ | ગ | દ | ડ | ળ |
|---|---|---|---|---|---|---|---|
| ઠગ | ઢગ | ધજા | ઘર | ગરમ | દયા | ડગલું | શાળા |
| આઠ | ટાઢ | ધરમ | ઘાસ | ગજવું | દાળ | ડામર | નળ |
| હોઠ | અઢાર | ધન | ઘારી | ગામ | દશ | ડોલ | હળ |
| જેઠ | ઢંગ | ધરા | ઘરાક | ગાજર | દમ | દાડમ | નિશાળ |

| ત | ટ | થ | ઠ | સ | શ | ષ |
|---|---|---|---|---|---|---|
| તાપ | બટન | થડ | ઠળિયો | સગડી | શાક | પોષ |
| તપેલી | ટટ્ટુ | થાક | શેઠ | છાસ | શાળા | દોષ |
| તલવાર | ચાટ | થોભ | પાઠ | રસ | શરમ | પોષણ |
| તરાપો | નટ | અથાણું | પાઠક | સરસ | શનિ | ઋષિ |

- અર્થગ્રહણ માટે વિરામ ચિન્હો - અલ્પવિરામ - પૂર્ણ વિરામ - પ્રશ્નાર્થ વગેરેનો ફકરાદીઠ મહાવરો કરાવો.
- ફકરાદીઠ નાના ચાર-પાંચ પ્રશ્નો બૉર્ડ પર લખો. જેથી, વાંચે, સમજે અને જવાબ શોધે. મૌખિક રજૂઆત કરાવો, એકાદ બે પ્રશ્નોના જવાબ લખવા આપો.
- અર્થગ્રહણ અનિવાર્ય છે. ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા જેવા અન્ય વિષયો માટે આ પાયો મજબૂત થવો જ જોઈએ. અન્ય વિષય શિક્ષકો પણ આ રીતે કામ કરે.

**ગણન ક્ષમતા**

ધોરણ 3 થી 7 નાં વિદ્યાર્થીઓની ગણન ક્ષમતામાં અભિવૃદ્ધિ થાય તે માટે નીચેની કાર્યપદ્ધતિ અપનાવવી.

1. ધો. 3 થી 7 નાં તમામ વિદ્યાર્થીઓને ઘડિયા આવડવા જ જોઈએ.

ઘડિયા તૈયાર કરાવવા માટેની કાર્યપદ્ધતિ

- માત્ર બે ઘડિયા લખવા આપો અને તૈયાર કરવા આપો. દા.ત. 1 1 1, 2 1 2
- દરેક વિદ્યાર્થીને અત્યારે જ મોઢે કરવાનું કહીએ.
- 8 થી 10 હોશિયાર વિદ્યાર્થી નેતા પસંદ કરવા માટે તેમને આ બે ઘડિયાની પલાખા દ્વારા ચકાસણી કરીએ.
- વિદ્યાર્થી નેતાનાં બબ્બે જૂથ બનાવો. દા.ત. રમેશ અને જનક બે વિદ્યાર્થી નેતા છે.

| રમેશ | જનક |
|---|---|
| 1 1 1 | 2 1 2 |

સોંપાયેલા ઘડિયાના જ પલાખાં તેની સામે ઉભેલા (નબળા દા.ત. મહેશ) વિદ્યાર્થીને પૂછે દા.ત. મહેશ રમેશની સામે ઉભો છે. અને 1 1 1 ના પલાખા મહેશને પૂછશે. તેના સાચા જવાબ મહેશને આપે છે.

હવે મહેશ જનક સામે ઉભો રહેશે અને તેને 2 1 2ના ઘડિયાના પલાખા જનક પૂછશે. આ પદ્ધતિથી અન્ય (નબળા) વિદ્યાર્થીની ચકાસણી કરીએ.

- જેમને પલાખાં બરોબર આવડ્યા તે વિદ્યાર્થીને બેસાડી દો અને અન્ય ત્રણ ઘડિયાની તૈયારી કરાવીએ.
- જે વિદ્યાર્થીના ઘડિયા ખોટા પડ્યા છે તેને બાજુમાં રાખી આ ઘડિયા તૈયાર કરવા માટે કહીએ.
- બાકી રહેલા નબળા વિદ્યાર્થીને બીજે દિવસે તૈયાર કરવાનું સોંપીએ.

ઉપરોક્ત રીતે નેતાઓના બબ્બે જૂથ બનાવી ચકાસણીનું કામ સોંપીએ.

**2. સરવાળા :**

- 5 + 2 વદ્દી વગરના સરવાળા તેવા અન્ય પાંચ-સાત દાખલા ગણવા આપીએ.
- 5 + 7 વદ્દીવાળા સરવાળા તેવા અન્ય પાંચ-સાત દાખલા ગણવા આપીએ.
- આજ રીતે, બે, ત્રણ, ચાર કે પાંચ આંકવાળી સંખ્યાના સરવાળાના દાખલા કરાવીએ.

**3. બાદબાકી :**

- 5 - 2 તેવા દશકા વગરની બાદબાકીનાં પાંચ-સાત દાખલા ગણવા આપીએ.
- 25 - 5 તેવા દશકા વગરના બાદબાકીનાં પાંચ-સાત દાખલા ગણવા આપીએ.
- આજ રીતે, બે, ત્રણ, ચાર કે પાંચ આંકવાળી સંખ્યાના બાદબાકીના દાખલા કરાવીએ.

સંકલન : કાંતીલાલ જી. પરમાર
સી.આર.સી.કો–ઓર્ડિનેટર
સી.આર.સી.નં.૪, રાજકોટ કોર્પોરેશન
ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ પાસે, મોચી બજાર, રાજકોટ–૩૬૦૦૦૧
**E-Mail:crc4rmc@gmail.com**
**Websait Blog : crc4rmc.blogspot.in**